
27-12-2000

9-1-04



સમયસાર તો ૧૧ અંગ અને ૧૪ પૂર્વનો સાર છે. કુંદકુંદાચાર્યની કરેલી અમરકૃતિ છે. તેમાં સાક્ષાત્ ભગવાનના પેટ ખોલીને મૂકયાં છે– બધાં રહસ્ય ખોલીને મૂક્યા છે. માટે એક સમયસાર જ બસ છે એવી એ કૃતિ છે પણ તેને શાંતિથી ધીરજથી સમજે તો સમજાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૮૬] * આત્મધર્મ * [અંક-૬ વર્ષ-૫૭] વીર સં. ૨૫૨૭ ડિસેમ્બર-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત્, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવો સ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. ૬૬૧.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૫)*

❀ જે પ્રમત્તાદિ ગુણસ્થાનોની વંદના કરવામાં આવે છે તે વંદનાથી ચેતનાત્મક મુનિઓ વંદિત થતા નથી—કેવળ દેહની વંદના થાય છે. ૬૬૨.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર–૨, ગાથા–૩૯)*

❀ મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધજ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધયોગમાં (–શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય– અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. ૬૬૩.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૩૫)*

❀ શુદ્ધ-નિશ્ચયનયકર આત્માકા અનંત જ્ઞાનાદિ સ્વરૂપકા ઈન કર્મોને ન તો નાશ કિયા,ઔર ન નયા ઉત્પન્ન કિયા, આત્મા તો જૈસા હૈ વૈસા હી હૈ. ઐસે અખંડ પરમાત્માકા તૂ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર. યહાં પર યહ તાત્પર્ય હૈ કિ જો જીવપદાર્થ કર્મોસે ન હરા ગયા, ન ઉપજા, ઔર કિસી દૂસરી તરહ નહીં કિયા ગયા, વહી ચિદાનંદસ્વરૂપ ઉપાદેય હૈ. ૬૬૪. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૪૮)*

❀ પૂર્વ પુણ્યોદયથી જે મનુષ્ય સંસારસુખના સાધનભૂત સ્ત્રી, લક્ષ્મી આદિથી નિરંતર પરમ સુખને (પોતે માનેલાં) અનુભવતો હતો—તેમાં જ સદોદીત ટેવાયેલો હતો, તે જ મનુષ્ય જ્ઞાનસંપન્ન થઈ યૌવન અવસ્થામાં જ પ્રવજ્યા ધારણ કરી દુર્ધર તપાદિ આચરી એવો થાય છે કે—જેને તપોવનમાં હરણ જેવાં ચંચળ દૃષ્ટિવંત પ્રાણીઓ અર્ધ બળેલાં કાષ્ટનાં ઠુંઠા સમાન અવલોકી પોતાના અંગની ખાજ મટાડવા પોતાનું અંગ તેના અંગને ઘસે છે. ધન્ય છે તે માનવ આત્માને ! ૬૬૫. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન શ્લોક–૮૮)*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૬
[૬૮૬]

વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
DEC.
A.D. 2000






શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# સમભાવ જ ભવથી તરવાનો ઉપાય છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.–૧૦૧)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૪૬ ગાથા થઈ છે. ત્યારપછીના ક્ષેપક દોહાનો ભાવાર્થ ચાલે છે તે ફરી લઈએ.

ભાવાર્થ :–જે જીવ વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માની અવસ્થાથી રહિત છે, મિથ્યાત્વ રાગાદિ અંધકારથી મંડિત છે તેમને આ પરમાનંદ અવસ્થા રાત્રિ સમાન લાગે છે...

રાગરહિત પરમાનંદમૂર્તિના વિષયમાં જે જીવો જાગતા નથી–સૂતા છે એટલે કે એવી શુદ્ધદશાનું જેને ભાન નથી અને મિથ્યાત્વના અંધકારમાં પડેલાં છે–મિથ્યાત્વમાં જાગૃત છે તેને રાગ–દ્વેષ–વિકાર જ ઉપાદેય લાગે છે–કરવા જેવા લાગે છે અને જે પરમાનંદદશા છે તેનાથી તો એ અજાણ છે—અજાગૃત છે.

કેવા છે જગતના જીવો ? કે—આત્મજ્ઞાનથી રહિત છે, અજ્ઞાની છે અને પોતાના સ્વરૂપથી વિમુખ છે. જેને જાગૃતદશા નથી, અચેતની જેમ સૂઈ રહ્યાં છે, જ્ઞાનાનંદમય પોતાની સચેતદશાને છોડીને ભ્રાંતિમય અજ્ઞાનદશામાં લીન થઈ રહ્યાં છે તેને પોતાના સ્વરૂપમાં તો અંધારું લાગે છે, તેથી વિકારને જ સ્વરૂપ માનીને સેવી રહ્યાં છે.

આવી અજ્ઞાન-અંધકારમય રાત્રિમાંથી છૂટીને તે પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી રત્નદીપના પ્રકાશમાં સાવધાન થઈને સદા જાગૃત રહે છે. મિથ્યાત્વના અંધકારને તો તેમણે દૂર ફેંકી દીધું છે.

હવે આ જ વાતનો વિશેષ ખુલાસો કરે છે—સ્પષ્ટતા કરે છે.

શુદ્ધાત્માના જ્ઞાનથી રહિત શુભ–અશુભ મન–વચન–કાયના પરિણમનરૂપ વ્યાપરવાળા સ્થાવર જંગમ બધા અજ્ઞાનીજીવ પરમાત્મતત્ત્વની ભાવનાથી પરાન્મુખ થયેલા વિષય–કષાયરૂપ અવિદ્યામાં સદા સાવધાન છે—જાગતા છે.

ચૈતન્યમૂર્તિની જાગૃત શ્રદ્ધા, જાગૃત જ્ઞાન અને રાગ રહિત સ્થિરતા વિના શુભાશુભરાગમાં પરિણમનવાળા સ્થાવર જંગમ સર્વ અજ્ઞાનીજીવ એટલે કે એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેઈક સુધીના પંચેન્દ્રિય બધાં અજ્ઞાનીજીવોને વીતરાગ પરમાનંદ સ્વરૂપનું તો ભાન નથી એટલે પરમાત્મતત્ત્વ જે પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ તેની ભાવનાથી પરાન્મુખ વર્તતા તે વિષય–કષાયમાં સાવધાન છે. શુભાશુભરાગની લીનતામાં એકાકાર છે.

એક તરફ પૂર્ણ જ્ઞાનાનંદથી પવિત્ર ચિદાનંદ છે અને બીજી તરફ શુભાશુભ વિકલ્પાદિ સર્વ અપવિત્ર અજ્ઞાનભાવ છે. આ બેમાંથી જે જીવો રાગમાં એકાકાર થઈ રહ્યાં છે તેને પવિત્ર આત્મદશાનું ભાન જ નથી. તે તો વિષય–કષાયરૂપ અવિદ્યામાં જ સદા સાવધાન છે—અવિદ્યામાં લીન છે, તેને જ્ઞાનદર્શનસ્વરૂપ નિજ આત્માની યથાર્થ સ્થિતિનું જ્ઞાન જ નથી. તે તો અવિદ્યામાં–અજ્ઞાનમાં–અચેતદશામાં-અંધકારદશામાં સાવધાન છે. એવી દશામાં મહામુનિ સાવધાન નથી. મહામુનિ તો સ્વરૂપમાં સાવધાન હોય છે.

જ્ઞાની, મુનિ અજ્ઞાનદશામાં અજાગૃત છે—સૂતા છે અને જ્ઞાનદશામાં જાગૃત છે—સાવધાન છે.

પરમાત્મતત્ત્વ અનંતગુણનો પિંડ છે, તેમાં એકાગ્રતા થવી તે પર્યાય છે. તેનાથી જે પરાન્મુખ છે તે વિષય–કષાયરૂપ વિકારીભાવમાં તત્પર છે. અજ્ઞાની ખરેખર અવિદ્યામાં થંભી ગયો છે, તેનાથી વિરુદ્ધ જ્ઞાની અવિદ્યામાં અજાગૃત વર્તતા, આત્માની શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતાની દશામાં જાગૃત વર્તે છે.

ધર્મીને આત્મસ્વભાવ સિવાય વિષય–કષાયના પ્રપંચ હોતા નથી. વિષય–કષાયને અંધકાર સમાન જાણીને તેને યાદ રાખતા નથી, યાદ કરતાં નથી. તે તો મન–વચન–કાય ત્રણ ગુપ્તિમાં અચલ થયેલા વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ યોગ–નિદ્રામાં મગ્ન થઈ રહે છે, સમતારસમય તત્ત્વમાં એકાકાર થઈને જોડાઈ જાય છે. તેનું જ નામ સામ્યભાવ છે.

આ સમભાવની વ્યાખ્યા ચાલે છે. સામ્યભાવ કહો, ઉપશમભાવ કહો, શુદ્ધોપયોગ કહો, સ્વચ્છતા કહો, સ્વસ્થતા કહો કે સમભાવ કહો—બધું એક જ છે. પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં જે ટક્યો છે તે આત્મામાં જાગૃત છે અને વિકારમાં જે ટક્યો છે તે આત્મામાં સૂતો છે—અજાગૃત છે.

સારાંશ એ છે કે—ધ્યાની મુનિઓને આત્મસ્વરૂપ જ ગમ્ય છે, પ્રપંચ ગમ્ય નથી અને જગતના અજ્ઞાની પ્રપંચી મિથ્યાદષ્ટિઓને પોતાનું આત્મસ્વરૂપ ગમ્ય નથી, જગતના પ્રપંચ જ ગમ્ય છે, તેથી તેમાં જ એ લાગેલાં છે.

જ્ઞાની અને અજ્ઞાનીની રીતિ પરસ્પર વિરુદ્ધ છે. જ્ઞાનીને તો આત્મસ્વરૂપ જ ગમ્ય છે અને તેમાં જ જ્ઞાની લાગેલાં રહે છે. ત્યારે મિથ્યાદષ્ટિને પ્રપંચ જ ગમ્ય છે તેથી અનેક જાતના વિકલ્પના ઝઘડામાં જ લાગેલાં રહે છે. બહારમાં તો તેઓ પણ કાંઈ કરી શકતાં નથી પણ વિકલ્પમાં લાગ્યાં રહે છે.

જુઓ ! આમાં સંસારમાં હોશીયાર ગણાતાં લોકો શેમાં લાગેલાં છે તે વિચારી લેવું. હોશિયારી કરી, વિકલ્પની જાળ ઊભી કરી તેમાં જ મજા માને છે, પોતાના ભાવમાં વિકલ્પોની દોડાદોડ કરે છે કેમ કે એ વિકલ્પમાં જાગૃત છે, આત્મસ્વરૂપના વિષયમાં તો એ અજાગૃત છે.

અહા ! હું હિંસા કરું, જૂઠું બોલું, કમાઈ લઉં, લાવી દઉં, મૂકી દઉં, છોકરાઓને પરણાવી દઉં....એવા અશુભ વિકલ્પ અને પૂજા કરી લઉં, દાન દઉં, દયા પાળું વગેરે શુભ વિકલ્પ કરીને વિકલ્પની જાળમાં ગૂંથાઈ ગયા છે તે ઝઘડામાં પડેલાં છે કેમ કે શુભ–અશુભ લાગણી છે તે ઝઘડો છે, બંને લાગણી ઝઘડામાં જાય છે.

શ્રોતા : કોની સાથે ઝઘડો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આત્મા સાથે ઝઘડો છે. પોતાના સ્વરૂપથી વિરુદ્ધ ભાવ ઊભો કરીને જીવ પોતાનો જ વિરોધ કરે છે.

આ શુભાશુભ વિકલ્પજાળને ભૂલી જવી તે પરમાર્થ છે અને બહિર્મુખદષ્ટિપૂર્વક વિકલ્પમાં જાગૃત રહેવું તે જ મોટી ભૂલ છે. કેવી શૈલી કરી છે ! બહિર્મુખ જાગૃતિ તે જ મહાન ભૂલ છે અને અંતરમુખના વિષયમાં જાગૃત રહેવું તે જ પરમાર્થ છે. આ બે જ વાત છે.

શ્રોતા :—આમાં પહેલું શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલું આ કરવું—શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપમાં દષ્ટિ કરીને તેમાં ઠરવું. આગળ ૪૩ ગાથામાં આવ્યું હતું કે....पूर्वं ज्ञात्वा तद्विलक्षणं परद्रव्यं च

निश्चित्य पश्चात् समस्त मिथ्यात्वरागादि विकल्प त्यागेन....એ સમજાવવાની આ રીત છે કે પહેલાં સ્વ-પરની ભિન્નતાને લક્ષણ વડે જાણીને પછી સ્વમાં ઠરવું અને પરને છોડવું. ઉપદેશ એમ જ હોય પણ સ્વમાં ઠરે ત્યાં પર છૂટી જ જાય. બંને સાથે જ થાય.

આમ, આ ૪૬ ગાથા પૂરી થઈ. હવે ૪૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે જ્ઞાનીપુરુષ છે તે પરમ વીતરાગરૂપ સમભાવને છોડીને શરીરાદિ પરદ્રવ્યમાં રાગ કરતાં નથી.

णाणि मुएप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ ।
जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ ॥४७॥

અર્થ :–નિજ-પરના ભેદને જાણવાવાળા ધર્મી જીવ સમભાવને છોડીને કોઈ પદાર્થમાં રાગ કરતાં નથી તેથી જ તેઓ જ્ઞાનમયી નિર્વાણપદને પામશે અને તે જ જીવો સમભાવથી કેવળજ્ઞાન-પૂર્ણ આત્મસ્વભાવને પામશે.

આત્મા આખી જ્ઞાનસ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ છે અને રાગાદિથી માંડીને બધું પર છે. શરીર, વાણી તો પર છે જ પણ રાગાદિ વિકલ્પ પણ પર છે. આ નિજ-પરનો ભેદ જાણનારા મુનિ સમભાવ સિવાય કોઈ પદાર્થમાં રાગ કરતાં નથી. અહીં તો વીતરાગ ચારિત્રની ઉત્કૃષ્ટ વાત લીધી છે એટલે એકલા શાંતરસ સિવાય ક્યાંય પ્રેમ કરતાં નથી એવા મુનિઓની વાત છે. કોઈ પરપદાર્થમાં મુનિને રાગ કે દ્વેષનો ભાવ થતો નથી. શ્રદ્ધા-જ્ઞાનમાં તો કોઈ પ્રત્યે રાગ-દ્વેષ નથી પણ ચારિત્રમાં પણ કોઈ પ્રત્યે રાગ-દ્વેષનું આચરણ નથી. તેથી મુનિને જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને ભવિષ્યમાં પણ જે કોઈ સિદ્ધ થશે તે આ સમભાવથી જ થશે.

શુભરાગથી આત્મા પ્રાપ્ત થતો નથી અને શુભરાગથી કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થતું નથી. પર સંબંધી રાગ અને તેનું લક્ષ છોડીને, સ્વના લક્ષપૂર્વક શ્રદ્ધા-જ્ઞાનની સંભાળ દ્વારા પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને એ જ ભાવથી તેની પરિપૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

આ સાંભળીને પંડિતોને એમ લાગે છે કે આમાં તો વ્યવહાર અનાવશ્યક હોય તેવો અર્થ થાય છે. જાણે કે વ્યવહાર વિના એકલા નિશ્ચયથી નિર્જરા થતી હોય એમ અર્થ નીકળે છે, પણ ભાઈ ! નિશ્ચયના આશ્રયે પડેલાં આત્માને વ્યવહાર સાથે હોય જ છે તેને કરવો પડતો નથી. અહીં તો વ્યવહાર કરવો છે કે કરવા જેવો છે કે

તેનાથી લાભ છે એ વાતનો નિષેધ છે. સાધકદશામાં વ્યવહાર વચ્ચે આવી જાય છે તેનો નિષેધ નથી.

ચૈતન્ય તો જ્ઞાન અને આનંદથી ભરેલો મહાસાગર છે તેમાં વિકલ્પની ગંધ પણ નથી. આવા સ્વભાવમાં દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરવી તે એક જ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય છે, સાથે શુભભાવ તો હોય પણ એ કાંઈ મુક્તિપ્રાપ્તિનો ઉપાય નથી. આપણે જુઓ ને ! ૧૦ની સાલમાં વાંકાનેર, મોરબી અને પોરબંદર ત્રણ જગ્યાએ પંચકલ્યાણક થયાં તો એ શુભભાવ જ હતો ને !

અહીં આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારો ભગવાન અંદરમાં એકલો વીતરાગ ચિદાનંદ પિંડ છે, તેની સંભાળ લેતાં દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે અને તેનાથી જ આત્માની પ્રાપ્તિ થાય છે, એ સિવાય ત્રણ કાળમાં આત્મપ્રાપ્તિનો કોઈ ઉપાય નથી. વિકલ્પ તો બંધનું કારણ છે, તેનાથી અબંધસ્વભાવની પ્રાપ્તિ ક્યાંથી થાય ? વ્યવહાર–રાગથી ધર્મની પ્રાપ્તિ થાય જ નહીં એવું શ્રદ્ધામાં પણ જોર ન આવે ત્યાં તેનું વલણ સ્વભાવ તરફ ક્યાંથી થાય ! જોર રાગમાં થાય છે કે શુભરાગ આવે તો કલ્યાણ થશે એમ વીર્ય ત્યાં વળે છે તો સ્વભાવ તરફ વીર્ય કામ કરી શકતું નથી. વ્યવહારથી ધર્મ થવાનો નિષેધ આવે તો સ્વભાવ તરફ વીર્ય કામ કરે.

આત્મા તો સર્વજ્ઞસ્વરૂપી, સર્વદર્શીસ્વરૂપી, પૂર્ણાનંદી, પૂર્ણવીર્યનો પિંડ છે. તીર્થંકર-ગોત્ર બંધાય એવો શુભરાગ પણ તેના સ્વરૂપમાં નથી. આવા સ્વરૂપની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને સમભાવથી જ તેની પ્રાપ્તિ થાય છે. આવા સ્વભાવનું બહુમાન ન કરે અને રાગનું જ બહુમાન કરે તેને આત્માની પ્રાપ્તિ શી રીતે થાય ! આ તો જેને જન્મ–મરણ ટાળવા છે તેને માટે આ વાત છે. રાગથી રાજી થઈ જાય તેને માટે કાંઈ આ વાત નથી. તેને તો દુનિયાને રાજી કરવી છે અને દુનિયાથી રાજી થવું છે, તેનાથી આ મારગ જુદો છે ભાઈ !

આખો સંકેલો કરીને અંદરમાં જાય ત્યારે આત્માની પ્રાપ્તિ થાય તેવું છે. એક વિકલ્પ ઉપર પણ જોર જાય છે તો તું તને પ્રાપ્ત નહિ થા પ્રભુ ! પરમાં કે વિકલ્પમાં તને રાજી થવા જેવું શું લાગે છે ? તારો સ્વભાવ તો એકલો–કેવલ જ્ઞાનમય છે. તેમાં એકાગ્ર થવાથી સમભાવ પ્રગટ થાય છે અને તેનાથી પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. બધી પર્યાયો વ્યવસ્થિત થાય છે તેમ જ્ઞાનમાં આવી જાય છે, પછી રાગને કરવા કે ફેરવાની બુદ્ધિ રહેતી નથી.

ચૈતન્યબિંબ આત્મા તેની જાતના સમભાવી અંશથી જ પ્રાપ્ત થાય છે. રાગાદિ

વિકલ્પ તો વિષમ કણ છે તેનાથી આત્માની પ્રાપ્તિ નથી. અધૂરી દશામાં રાગાદિ હો ભલે, પણ તેમાં રાજીપો શેનો? તારું સ્વરૂપ તો વીતરાગસ્વરૂપ—સમાધાનસ્વરૂપ છે ત્યાં કોની સાથે વિષમતા અને કોની સાથે સમતા! તારા સ્વરૂપમાં રાગની ગંધ પણ નથી તો તેના વડે આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય!

સમયસારમાં જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું ચારિત્ર...એવી શૈલી વાપરી છે કેમ કે આત્મા જ્ઞાનમય છે ને! સમયસાર તો ૧૧ અંગ અને ૧૪ પૂર્વનો સાર છે. કુંદકુંદાચાર્યની કરેલી અમરકૃતિ છે. તેમાં સાક્ષાત્ ભગવાનના પેટ ખોલીને મૂક્યા છે–બધાં રહસ્ય ખોલીને મૂક્યા છે. માટે એક સમયસાર જ બસ છે એવી એ કૃતિ છે પણ તેને શાંતિથી ધીરજથી સમજે તો સમજાય.

જે તારા સ્વરૂપમાં નથી એવા આસ્રવભાવને ઉત્પન્ન કરીને આત્માની શાંતિ લેવા માંગે છે તેના કરતાં સ્વરૂપમાં જે છે તેનાથી શાંતિ પ્રગટ કર ને! આનંદમય ભગવાન આત્મા સમભાવી છે તેની શ્રદ્ધા, જ્ઞાન કરવાથી શાંતિ પ્રગટ થાય છે અને અનંતગુણની પૂર્ણ પ્રાપ્તિ પણ તેનાથી જ થશે.

અત્યારસુધી જે કોઈ સિદ્ધ થયા તે સમભાવના પ્રસાદથી થયા છે. શુભાશુભ વિકલ્પથી રહિત સમભાવથી સૌ સિદ્ધ થયા છે. કોઈ સિદ્ધ એવા નથી કે જે શુભાશુભ વિકલ્પથી સિદ્ધ થયા હોય. વચ્ચે વ્યવહાર આવે છે પણ તેનાથી તો બંધ થાય છે, તેનાથી મુક્તિ થતી નથી. લોકોને આ વાત મોટો ધડાકો કરતાં હોય અવી લાગે છે. પણ પ્રભુ! તારું સ્વરૂપ જ એવું છે. એ સ્વરૂપથી વિમુખ એવા રાગાદિ ભાવથી સ્વભાવસન્મુખતા કેમ થાય! સમભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ થાય તેમ છે. સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણેયની વીતરાગી પર્યાય સમાય જાય છે.

એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ.........

શુભાશુભરાગ તો સ્વભાવથી વિષમ રાગ છે. એ વાત હજુ શ્રદ્ધામાં બેસતી નથી અને રાગની રુચિ રહ્યાં કરે છે તેને વિષમભાવની રુચિ છે ત્યાં સુધી સ્વભાવની રુચિ થઈ શકતી નથી. જગતને તો જાણે શુભરાગની ક્રિયાથી જ આત્માને લાભ થઈ જશે એવી માન્યતા પડી છે ત્યાં, આત્મામાં રાગ જ નથી એ વાત કેવી રીતે બનશે? કર્તૃત્ત્વબુદ્ધિ એવી પડી છે કે ધર્મ પણ રાગની કર્તૃત્ત્વબુદ્ધિથી કરવા માગે છે.

પુણ્યને હીણી ઉપમા અપાય છે તે વાત સહન થતી નથી પણ શાસ્ત્ર તો આઠેય કર્મના ફળને ઝેરના ઝાડ જ કહે છે. આઠકર્મમાં પુણ્ય અને પાપ બંને કર્મ

આવી જાય છે, તેને સમયસારમાં ઝેર કહ્યા છે. હવે તારે શું કહેવું છે !! ભગવાનની ભક્તિ, પૂજા, યાત્રા, દાનાદિ ભાવ ન હોય એમ કહ્યું નથી પણ એ શુભભાવ છે, ધર્મ નથી એમ કહ્યું છે. 'શુભભાવથી ધર્મ ન થાય' એ વાત ન બેસે ત્યાં સુધી સંસારથી છૂટવાનો રસ્તો મળે તેમ નથી.

આ પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ શું કહે છે ? કે પ્રભુ ! નવતત્ત્વમાં તું તો જ્ઞાયકતત્ત્વ છો, તું તો પરમાત્મતત્ત્વ છો, તારામાં પુણ્ય–પાપ તત્ત્વ નથી, તારામાં અજીવ તત્ત્વ પણ નથી, તું જડની ક્રિયાથી ભિન્ન છો. આવા નિરાળા જ્ઞાયકતત્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય ? કે તેના તરફની દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ અને સમભાવ પ્રગટ કરવાથી તેની પ્રાપ્તિ થાય અને તેના ફળમાં કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થાય.

આમ, સંવર –નિર્જરાની પ્રાપ્તિ પણ સમભાવથી થાય છે અને મોક્ષની પ્રાપ્તિ પણ સમભાવથી થાય છે અને તેનાથી જ આસ્રવ–બંધનો અભાવ થાય છે. માટે, તારે સમભાવ પ્રગટ કરવાની ગોઠવણ કરવી પડશે ભાઈ ! જેટલા સિદ્ધ થયા અને જેટલા સિદ્ધ થશે તે બધાં આ રીતે આત્મસ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતારૂપ સમભાવની વીતરાગ પર્યાયથી જ થયા છે અને થશે. વચ્ચે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે ખરો પણ તે બંધનું કારણ છે તે કાંઇ અબંધ પરિણામને મદદ નહિ કરે.

ત્રણકાળ ત્રણલોકમાં આ એક જ વાત છે કે વીતારાગી ચૈતન્યપ્રભુની પ્રાપ્તિ વીતરાગી દર્શન–જ્ઞાન–ચારિત્રની પ્રગટ પર્યાય દ્વારા જ થાય છે. તેથી જ્ઞાની સમભાવ સિવાય અન્યભાવમાં રાગ કરતાં નથી.

અહાહા ! કાળ ચાલ્યા જાય છે, દેહ છોડીને જવાનું છે. આખી જિંદગી ગમે તેટલી સંભાળ કરીને શરીર સાંચવ્યું હશે તોપણ છોડવું પડશે. આ તો માટી છે તે તારા રાખવાથી રહે નહિ અને તારાથી જાય નહિ, તારાથી નાશ પણ થાય નહિ બાપુ ! દેહ પણ તારો નથી ત્યાં દેશ અને વેષ પણ તારો ક્યાં હતો ! તું તો તારા સ્વદેશની સંભાળ કર ! દેશની સંભાળ કરવા જઇશ તો મફતનો મરી જઇશ. ખરેખર ભિન્ન ચીજનું કાર્ય તેનાથી ભિન્ન ચીજ દ્વારા થઈ જ ન શકે.

પરમાર્થે રાગના ત્યાગના કર્તાપણાનું નામ પણ આત્માને નથી. જુઓ તો ખરા આ સમભાવ ! ભગવાન આત્મા રાગને કરે એવું તો તેનું સ્વરૂપ નથી પણ રાગનો ત્યાગ કરે એવું પણ તેનું સ્વરૂપ નથી. જેના સ્વરૂપમાં રાગ જ નથી ત્યાં જે નથી તેને છોડવાનું કેમ હોય !

બાપુ ! તું આત્મા છો ને ! આત્મા એટલે અકષાયસ્વભાવનો પિંડ. આત્માને જ્ઞાનમય કહો કે અકષાયસ્વભાવમય કહો, તેમાં રાગને કરવાનો કે છોડવાનો એકેય ભાવ નથી. વિકલ્પનું કરવું તો નથી પણ વિકલ્પનું છોડવું એ પણ તારી ચીજમાં નથી ભગવાન ! સમભાવ સિવાય કોઈ ઉપાયથી શુદ્ધાત્માનો લાભ નથી. એક સમભાવ જ ભવથી તરવાનો ઉપાય છે તેનો ભરોસો આવવો જોઈએ. ભરોસા વિના તરી ન શકાય.

જે તારી જાતનો ભાવ છે તે સદાય રહેશે. જે તારી જાતના નથી એવા દેહ, વાણી, મન કે રાગાદિભાવ એક સરખા રહેશે જ નહિ.

સમભાવ કોને કહે છે ? કે-પંચેન્દ્રિયના વિષયોની અભિલાષાથી રહિત વીતરાગ પરમાનંદ સહિત નિર્વિકલ્પ નિજભાવ છે તેને સમભાવ કહે છે. પરના લક્ષ રહિત અને વીતરાગ પરમાનંદ સહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિના ભાવને સમભાવ કહે છે. આ સમભાવ જ બધાં શાસ્ત્રોનો સાર છે. આ ૪૭ ગાથા થઈ.

આગળ કહે છે કે જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકા ન કોઈ પાસેથી ભણે છે ન કોઈને ભણાવે છે..... ભાઈ ! તારો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા છે ને ! તેમાં બીજાની પાસે ભણું કે બીજાને ભણાવું એવો વિકલ્પ ક્યાં છે ? સમાધિશતકમાં તો કહે કે એવો વિકલ્પ ઊઠે છે તે ઉન્માદ છે.

દિગંબર સંતોની વાત ગજબ છે. દિગંબર સંત પૂજ્યપાદસ્વામી આમ કહે છે કે જે સ્વરૂપમાં નથી એવો ભાવ ઊઠે છે તે ઉન્માદ છે. સ્વભાવમાં સર્વ વિકલ્પનો અભાવ છે.

આ વાત પછી કહેશે. *(ક્રમશઃ)*

નવ તત્ત્વોનો અનુભવ એ તો મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શનથી ઉલ્ટા એ પરિણામ છે. શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, એ ગુણનું વિપરીતપણે પરિણમવું તેને મિથ્યાદર્શન કહે છે અને તે ભવભ્રમણનું કારણ છે. એ કારણના નાશને અર્થે ભગવાન આત્માને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે.

*-જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

# સમ્યક્ત્વનો અટપટો મહિમા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૮૦)

આ શ્રી નાટક સમયસારનો નિર્જરા અધિકાર છે તેમાં ''ધર્મથી નિર્જરા થાય અને ધર્મ વિના જીવને કર્મબંધન થાય'' એ વાત ચાલે છે. ૪૩મુ પદ્ય છે.

'અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ છે.'

मूढ़ करमकौ करता होवै ।
फल अभिलाषा धरै फल जोवै ॥
ग्यानी क्रिया करै फल–सूनी ।
लगै न लेप निर्जरा दूनी ॥४३॥

અર્થ :—મિથ્યાદૃષ્ટિ જીવ ક્રિયાના ફળની (ભોગોની) અભિલાષા કરે છે અને તેનું ફળ ચાહે છે તેથી તે કર્મબંધનો કર્તા છે. સમ્યગ્જ્ઞાની જીવોની ભોગ આદિ શુભાશુભ ક્રિયા ઉદાસીનતાપૂર્વક હોય છે તેથી તેમને કર્મનો બંધ થતો નથી અને પ્રતિદિન બમણી નિર્જરા જ થાય છે.

ભગવાન આત્મા રાગ રહિત શુદ્ધ ચિદાનંદ વસ્તુ છે એવું જેને જ્ઞાન નથી તે તો શુભાશુભ પરિણામને જ પોતાનું સ્વરૂપ અને પોતાનું કાર્ય માનીને વર્તે છે; દયા–દાન–વ્રતાદિના પરિણામ મારા છે અને હું તેનો કર્તા છું એમ માને છે. જેને પોતાના માને તેનો જીવ કર્તા થાય છે. શુદ્ધ ચિદાનંદ વસ્તુની દૃષ્ટિ નથી તેથી અજ્ઞાની શુભાશુભરાગને જ મારા માનીને કર્તા થાય છે. આ મૂળ વાત છે.

मूढ़ करमकौ करता होवै। આનંદમૂર્તિ આત્માનો અનુભવી જીવ તો રાગને પોતાનો માનતો નથી તેથી રાગના કાર્યનો કર્તા થતો નથી પણ અનાદિથી સ્વરૂપનો અજ્ઞાનીજીવ–મૂઢજીવ, અતીન્દ્રિય આનંદનો ગાઠડો જે પોતાનો આત્મા તેનો અનાદર કરીને, તેનાથી વિરુદ્ધ એવા રાગભાવની દૃષ્ટિ કરીને રાગને જ પોતાનો માનીને કર્તા થાય છે. એ રાગ ભલે શુભ હોય કે અશુભ હોય પણ તેને જે પોતાનું સ્વરૂપ માને છે તે જ તેનો કર્તા થાય છે અને રાગનો કર્તા થાય છે તેને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન થાય છે. આમ તેને નિર્જરા તો નથી પણ અધર્મ છે, કારણ કે રાગ છે તે પોતે જ અધર્મ છે–ધર્મનું સ્વરૂપ નથી.

સર્વજ્ઞદેવે જોયેલો–અનુભવેલો એવો જે આત્મા તેની જેને દૃષ્ટિ નથી, તેનું અવલંબન નથી, તેને પોતાનો માન્યો નથી અને રાગને પોતાપણે માન્યો છે તે મૂઢ, રાગનો કર્તા થાય છે. તેણે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માને દૃષ્ટિમાં લીધો નથી, આત્મા તેની પ્રતીતમાં આવ્યો નથી, અનુભવમાં આવ્યો નથી તેથી તેને ધર્મ થતો નથી, ઉલટો અધર્મ થાય છે.

फल अभिलाषा....! મૂઢ અજ્ઞાની જે રાગભાવને કરે છે તેમાં જ તેને સુખબુદ્ધિ છે. રાગમાં મને ઠીક પડે છે–મજા પડે છે એવી જે દૃષ્ટિ છે તે મિથ્યા દૃષ્ટિ છે કેમ કે રાગમાં મજા બિલકૂલ નથી. ભલે શુભરાગ હો તોપણ એ કષાય-અગ્નિ છે–દુ:ખ છે.

આત્મામાં આનંદ છે એવી દૃષ્ટિ નથી તેને રાગમાં સુખ છે. એવી મિથ્યા દૃષ્ટિ છે. રાગ તો ખરેખર દુ:ખ છે તેમાં સુખ માને છે તેથી રાગ કરતાં કરતાં મારું કાંઈક કલ્યાણ થશે એવી માન્યતા એને થયા વગર રહેતી નથી. રાગને પોતાનો માનનાર રાગનો કર્તા થયા વગર રહેતો નથી અથવા રાગનો કર્તા થાય છે તે રાગને પોતાનો માને છે. અજ્ઞાની રાગની ક્રિયાનો કરનાર–રચનાર–બનાવનાર થાય છે, સ્વયં રાગરૂપે થનારો થાય છે.

અજ્ઞાની ભલે દ્રવ્યલિંગ ધાર્યું હોય, ૨૮ મૂળગુણ બરાબર પાળતો હોય, નગ્નદિગંબર દશા હોય છતાં એ રાગની ક્રિયાને પોતાનું કર્તવ્ય માને છે તો એ મિથ્યાદૃષ્ટિ જ છે. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવભાવનું તો એને ભાન નથી, તેથી ક્યાંક હુંપણું તો માનવું જ રહ્યું ! રાગની ક્રિયા વડે મૂઢ જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વથી સંસારની વૃદ્ધિ થાય છે. રાગને પોતાનો માનનાર રાગના ફળને ઇચ્છે છે, રાગના ફળમાં મને આત્મા માટે કાંઈક અનુકૂળતા મળશે એવી અભિલાષા છે તે એની મૂઢતા છે.

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે ફરમાવેલો સિદ્ધાંત છે કે રાગને પોતાનું સ્વરૂપ માનનારો મૂઢ જીવ રાગનો કર્તા થાય જ છે. કેમ કે એને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા શ્રદ્ધા–જ્ઞાનમાં બેઠો નથી તેથી સ્વરૂપથી વિપરીત એવા રાગાદિભાવમાં એકત્વ થયા વિના રહેતું નથી.

પ્રભુ ચૈતન્ય આત્મા સુખનો સાગર છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે તેની જેને દૃષ્ટિ નથી, તેની જેને અભિલાષા નથી, તેનું જેને ભાન અને ભાવના નથી એવા અજ્ઞાની અનાદિથી પોતાને વિકારપણે પરિણમનારા જ માને છે. રાગને પોતાનો માને છે અને રાગના ફળની અભિલાષા કરે છે કે આ હું શુભભાવ કરું છું તેથી મને તેના ફળમાં સ્વર્ગ અને શેઠાઈ આદિ મળશે.

કારણ કે તેના વ્રત, તપ મુખાઇ ભરેલા હોય છે.

અને બાળતપ જ કહ્યાં છે કારણ કે તેના વ્રત, તપ મુખાઇ ભરેલા હોય છે. આહારનો લેનાર કે છોડનાર નહિ,
રાગનો કર્તા નથી, દેહની ક્રિયાનો કરનાર નથી, હું તો અરૂપી આનંદમૂર્તિ વસ્તુ છું એવો અનુભવ નથી તેના વ્રત-તપ અજ્ઞાન
હું તો અરૂપી આનંદમૂર્તિ વસ્તુ છું એવો અનુભવ નથી... બંધન કારણ જ હોય.

હવે ત્રીજા પદમાં જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના બંધ ઉપર દૃષ્ટાંત કહે છે. અજ્ઞાનીને રેશમના કીડાની અને જ્ઞાનીને ગોરખધંધા કીડાની ઉપમા આપી છે.

हंधै क्रामसौं मूढ़ ज्यौं, पाट-कीट तन पेम ।
खुलै करमसौं समकिती, गोरख ...

અર્થ :–જેવી રીતે રેશમનો કીડો પોતાના શરીર ઉપર પોતે જ જાળ ... અને જેવી રીતે ગોર... તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિજીવ કર્મબંધનને પ્રાપ્ત થાય છે અને જેવી રીતે ગોરખધંધા નામનો કીડો જાળમાંથી નીકળે છે તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિજીવ કર્મબંધનથી ... થાય છે.

જાળ કાંઈ બહારથી આવતી નથી. રેશમનો કીડો પોતાના મોઢામાંથી ... કાઢે છે અને તેમાં વીંટાઈ જાય છે તેમ અજ્ઞાની સ્વરૂપના જ્ઞાન વિના ... લાળ કાઢીને તેમાં જ વીંટાઈ જાય છે. રાગ મારું સ્વરૂપ છે એમ માનીને તેમાં ... જાય છે, તેમાં તેને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન પડે છે.

खुलै करमसौं समकिती–ગોરખધંધા નામનો કીડો થાય છે તે જાળમાં ... નથી, જાળમાંથી નીકળી જ જાય છે તેમ ધર્મી તેને કહીએ કે જે રાગની ... વીંટાતો નથી. એ તો જ્ઞાનાનંદસ્વભામાં લ્હેર કરતો, રાગને હેય માનીને ... કર્મબંધનથી મુક્ત થાય છે. ક્ષણે ક્ષણે તેને કર્મની નિર્જરા થાય છે.

સમ્યગ્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઝેર જેવો દેખાય છે. વિકલ્પથ... સ્વભાવનો સ્વાદ આવે છે તેથી તેને સમાધિ છે–શાંતિ છે. યોગની ક્રિયા ... ધર્મી તેનાથી ભિન્ન છે. માટે કહે છે કે હલન-ચલન કરતો હોવા છતાં ... સ્વરૂપમાં આસન જમાવ્યું છે. ૧૪૮ પાના ઉપર જુઓ (૨૯મા પદના ...

ધર્મી તો અનંતી સિદ્ધ પર્યાયને પેટમાં રાખનારા છે, જેટલી જેટલી સ્વભાવસન્મુખતા વર્તે છે તેટલું કર્મનું ક્ષરણ–કર્મની નિર્જરા થતી રહે છે. ધર્મીએ સિદ્ધસમાન આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં લીધો છે માટે તેને નિર્જરા થાય છે. માત્ર વ્રત, તપાદિ, કરનારને નિર્જરા થતી નથી. અજ્ઞાનીને તપ સાચા ક્યાંથી હોય ! અજ્ઞાનીના વ્રત, તપને બાળવ્રત અને બાળતપ જ કહ્યાં છે કારણ કે તેના વ્રત, તપ મુર્ખાઈ ભરેલાં હોય છે. હું રાગનો કર્તા નથી, દેહની ક્રિયાનો કરનાર નથી, આહારનો લેનાર કે છોડનાર નથી, હું તો અરૂપી આનંદમૂર્તિ વસ્તુ છું એવો અનુભવ નથી તેના વ્રત–તપ અજ્ઞાન ભરેલાં મૂર્ખાઈ ભરેલાં, બંધન કારણ જ હોય.

હવે ૪૪મા પદ્યમાં જ્ઞાનીના અબંધ અને અજ્ઞાનીના બંધ ઉપર દૃષ્ટાંત કહે છે. અજ્ઞાનીને રેશમના કીડાની અને જ્ઞાનીને ગોરખધંધા કીડાની ઉપમા આપી છે.

बंधै करमसौं मूढ़ ज्यौं, पाट-कीट तन पेम ।
खुलै करमसौं समकिती, गोरख धंधा जेम ।।४४।।

અર્થ :–જેવી રીતે રેશમનો કીડો પોતાના શરીર ઉપર પોતે જ જાળ વીંટે છે તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિજીવ કર્મબંધનને પ્રાપ્ત થાય છે અને જેવી રીતે ગોરખધંધા નામનો કીડો જાળમાંથી નીકળે છે તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિજીવ કર્મબંધનથી મુક્ત થાય છે.

જાળ કાંઈ બહારથી આવતી નથી. રેશમનો કીડો પોતાના મોઢામાંથી જ જાળ કાઢે છે અને તેમાં વીંટાઈ જાય છે તેમ અજ્ઞાની સ્વરૂપના જ્ઞાન વિના વિકલ્પની લાળ કાઢીને તેમાં જ વીંટાઈ જાય છે. રાગ મારું સ્વરૂપ છે એમ માનીને તેમાં વીંટાઈ જાય છે, તેમાં તેને મિથ્યાત્વ સહિત આઠેય કર્મનું બંધન પડે છે.

खुलै करमसौं समकिती–ગોરખધંધા નામનો કીડો થાય છે તે જાળમાં વીંટાતો નથી, જાળમાંથી નીકળી જ જાય છે તેમ ધર્મી તેને કહીએ કે જે રાગની લાળમાં વીંટાતો નથી. એ તો જ્ઞાનાનંદસ્વભામાં લ્હેર કરતો, રાગને હેય માનીને વર્તતો, કર્મબંધનથી મુક્ત થાય છે. ક્ષણે ક્ષણે તેને કર્મની નિર્જરા થાય છે.

સમ્યગ્દૃષ્ટિને વિષયભોગનો વિકલ્પ ઝેર જેવો દેખાય છે. વિકલ્પથી રહિત સ્વભાવનો સ્વાદ આવે છે તેથી તેને સમાધિ છે–શાંતિ છે. યોગની ક્રિયા હોવા છતાં ધર્મી તેનાથી ભિન્ન છે. માટે કહે છે કે હલન–ચલન કરતો હોવા છતાં ધર્મીએ તો સ્વરૂપમાં આસન જમાવ્યું છે. ૧૪૮ પાના ઉપર જુઓ (૨૯મા પદ્યના ભાવાર્થમાં

હાલતાં—ચાલતાં અને બોલતાં છતાં પણ જ્ઞાનીને કર્મ ખરે છે. જે ફળ સમાધિ, યોગ, આસન અને મૌનનું છે તે જ ફળ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ—ચાલ અને બોલ—ચાલનું છે. સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે.

ધર્મી જીવને અંતરમાં આત્માના પ્રેમ પાસે સર્વજ્ઞ પરમેશ્વર પ્રત્યે પણ અંતરથી પ્રેમ જતો નથી. એવો પોતાના નિજાત્માનો આનંદ અને પ્રેમ છે તેને વિષયભોગમાં પ્રેમ ક્યાંથી હોય ! વિષયભોગના વિકલ્પના કાળમાં પણ સ્વભાવ-સન્મુખતા વર્તતી હોવાથી તેને શાંતિ અને સમાધિ વધતી જાય છે. શરીરની ક્રિયા મારી નહિ, મારામાં નહિ, મેં તેને કરી નથી, હું તો મારામાં રહીને માત્ર તેનો જાણનાર—દેખનાર છું એમ માનતાં ધર્મીને ક્રિયા હોવા છતાં સ્થિરતા છે. ધર્મી બોલે છતાં મૌન છે અને અજ્ઞાની મૌન હોય છતાં બોલતો છે કેમ કે વાણીમાં એકતા હોવાથી તે બોલતો મિથ્યાદૃષ્ટિ છે.

આવા રેશમના અને ગોરખધંધા નામના કીડા થાય છે. ભાગલપુરમાં એરંડી (શાલ) બને છે તે બે પ્રકારની બને છે : એક તો, જે જાળ જીવતાં કીડા સહિત હોય તેને ગરમ પાણીમાં નાંખે એટલે કીડા મરી જાય અને જાળમાંથી આખા તાર નીકળે તેમાંથી એરંડી બનાવે એટલે તેમાં તો મહાપાપ છે અને બીજી એ રીતે બને છે કે એ કીડા જાળને તોડીને બહાર નીકળી જાય છે તે જાળના કટકાને જોડીને એરંડી બનાવે છે તેમાં કીડા મરતાં નથી માટે નિર્દોષ છે. અમે ભાગલપુર ગયા હતાં ત્યાંથી ચંપાપુરી ગયા હતાં. ચંપાપુરથી વાસુપૂજ્યભગવાન મોક્ષ ગયા છે.

જેમ તે કીડા જાળના કટકા કરીને પોતે છૂટી જાય છે તેમ ધર્મી પોતાના સ્વભાવના આનંદ પાસે રાગાદિ ક્રિયાને હેય માનીને કર્મબંધનથી છૂટી જાય છે. આમ ધર્મીને નિર્જરા થાય છે.

શ્રોતા :—ધર્મી રાગને હેય માને છે તો રાગ કરે છે શું કામ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધર્મી રાગને કર્તા નથી. રાગ હોય છે, પુરુષાર્થની નબળાઈને લીધે રાગ હોય છે. ધર્મીને એ નબળાઈનો કે રાગનો કોઈનો પોતાના સ્વરૂપ તરીકે સ્વીકાર નથી. હું તો ચૈતન્ય છું, પૂર્ણાનંદ મૂર્તિ છું એવો ધર્મીને સ્વીકાર છે.

વીતરાગ મારગ આકરો છે. જગતને સાંભળવા મળ્યો નથી. વર્ષીતપ આદિ કરીને ધર્મ મનાવે છે પણ તેમાં ધૂળેય ધર્મ નથી. અજ્ઞાનમાં એવા તપ તો અનંતવાર કર્યા પણ કર્મની નિર્જરા ન થઈ. મિથ્યાદૃષ્ટિ રાગની મંદતામાં ધર્મ માની તેમાં જ વીંટાઈ જાય છે. ધર્મીને રાગની મંદતા તો છે પણ તેમાં પોતાપણું માન્યું નથી તેથી

છૂટતો જાય છે અને જેમાં પોતાપણું છે એવા સ્વભામાં એકાગ્ર થતો જાય છે.

હવે ૪૫મા પદ્યમાં કહે છે કે જ્ઞાની જીવ કર્મના કર્તા નથી.

जे निज पूरव कर्म उदै,
सुख भुंजत भोग उदास रहैंगे ।
जे दुखमैं न विलाप करैं,
निरबैर हियैं तन ताप सहैंगे ॥
है जिन्हकै दिढ़ आतम ग्यान,
क्रिया करिकैं फलकौं न चहैंगे ।
ते सु विचच्छन ग्यायक है,
तिन्हकौं करता हम तौ न कहैंगे ॥४५॥

અર્થ :–જે પૂર્વે બાંધેલા પુણ્યકર્મના ઉદયજનિત સુખ ભોગવવામાં આસક્ત થતા નથી અને પાપકર્મના ઉદયજનિત દુઃખ ભોગવતા દુઃખી થતા નથી, દુઃખ દેનાર પ્રત્યે દ્વેષ કરતાં નથી પણ સાહસ પૂર્વક શારીરિક કષ્ટ સહન કરે છે, જેમનું ભેદ–વિજ્ઞાન અત્યંત દૃઢ છે, જે શુભક્રિયા કરીને તેનું ફળ સ્વર્ગાદિ ઇચ્છતા નથી, તે વિદ્વાન સમ્યગ્જ્ઞાની છે. તેઓ જોકે સાંસારિક સુખ ભોગવે છે તોપણ તેમને કર્મના કર્તા તો અમે નહિ કહીએ.

આ ૨૧મા શ્લોકના અર્થરૂપ પદ્ય છે.

जे निज पूरव कर्म उदै...પૂર્વકર્મનો ઉદય બે પ્રકારે આવે છે. ઘાતિકર્મના નિમિત્તે જીવના પરિણામમાં રાગાદિ થાય છે અને અઘાતિકર્મના નિમિત્તે સંયોગ મળે છે. આ સંયોગ અને રાગ બંને કર્મની સામગ્રી છે, આત્માના ધર્મની સામગ્રી નથી, વૈરીની સામગ્રી છે, એ બધું વૈરીનું લશ્કર છે. શુભાશુભ રાગ અને અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી એ બધી વૈરી એવા કર્મની ફોજ છે–ભગવાન આત્માનું સ્વરૂપ નથી.

सुख भुंजत....ભાષા તો શું કહે ! પૂર્વકર્મના ઉદયે જ્ઞાની સુખને ભોગવે છે એમ ભાષા આવે અને એવું જ દેખાય...જ્ઞાની અને અજ્ઞાની બંને દુધપાક–પૂરી ખાતાં દેખાય પણ ધર્મી તો જાણે છે કે આ મારી ચીજ નથી, હું તેનો સ્વામી નથી, મારામાં આ ખાવાની ક્રિયા નથી, આ તો પૂર્વકર્મના ઉદયનું કાર્ય છે, મારા ઘરમાં કર્મ કે તેની સામગ્રીનો અભાવ છે. હું તો આનંદનો નાથ–આનંદનો સ્વામી છું.

જ્ઞાની ઉદયજનિત સુખ ભોગવતાં દેખાય છતાં અંદરથી ઉદાસ છે. ધર્મી ઠપકો

પણ આપે કે આ વસ્તુ કાચી છે, આ કોણે બનાવી છે ! આમ કેમ ચાલે ! વગેરે...પણ તે ભાષા કે વિકલ્પ સાથે ધર્મીને કાંઈ સંબંધ નથી. જેમ રોગી કડવી ઔષધી પીએ છે પણ તેનો પ્રેમ નથી તેમ જ્યારે જે સામગ્રી હોય તેનો ખ્યાલ તો બરાબર આવે પણ તેમાં ધર્મીને સુખબુદ્ધિ નથી. વિષયનું સુખ ઝેરના પ્યાલા પીવા જેવું લાગે છે.

અહા ! ધર્મી કોને કહે ! જેને આત્મામાં આનંદ છે તેનો માત્ર ભાસ નહિ પણ ભાન અને અનુભવ થયો છે તે ધર્મી છે, તેને આત્માના આનંદ પાસે વિષયસુખ કાળા નાગ જેવા લાગે છે, ઝેર જેવા લાગે છે. કોઈ ઉપાય નથી તેથી પૂર્વકર્મના ફળમાં આ ક્રિયા દેખાય છે, પણ તે મારા આત્માનું ફળ નથી તેમ જાણે છે.

जे दुखमैं न विलाप करैं–ધર્મીને પૂર્વકર્મના ઉદયવશ સાતમી નરકનો સંયોગ બન્યો હોય તોપણ સમકિતી તેનો વિલાપ કરતો નથી. બાહિર નારકકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી... ૩૩ સાગરની સ્થિતિએ સાતમી નરકમાં પણ ધર્મી પોતાને આનંદમૂર્તિ દેખે છે. આ સંયોગ અમારા અસ્તિત્વમાં નથી એમ જાણે છે તેથી સાતમી નરકના દુઃખની વચ્ચે પણ ધર્મી દુઃખને વેદતો નથી. એ સંયોગ અને સંયોગ સંબંધી દ્વેષનો અંશ આવે તેને ધર્મી પરજ્ઞેય તરીકે જાણે છે. મારા સ્વરૂપમાં એ સંયોગ પણ નથી અને દ્વેષ પણ નથી.

ન્યાલભાઈએ એક જગ્યાએ લખ્યું છે કે રૂંવાટે રૂંવાટે સોય ચૂંભતી હોય તોપણ ડર નથી કેમ કે તે મારા અસ્તિત્વમાં નથી.

મારા હોવાપણામાં કોઈ સંયોગ નથી અને સંયોગના લક્ષે થતો રાગ કે દ્વેષ એ પણ મારા સ્વરૂપમાં નથી, મારી હયાતીમાં નથી. મારી હયાતીમાં તો જ્ઞાન ને આનંદછે.

निरबैर हियैं तन ताप सहैंगे । પહેલી કડીમાં પૂર્વપુણ્યના ઉદયથી સુખની સામગ્રી અને વિકલ્પની વાત આવી, બીજી કડીમાં પૂર્વપાપકર્મના ઉદયથી દુઃખની સામગ્રીની અને વિકલ્પની વાત આવી. દુઃખને શાંતિથી જ્ઞાની સહન કરે છે, કોઈ પ્રત્યે દ્વેષ કરતાં નથી. જ્યાં દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાના વિકલ્પથી પણ સમ્યગ્દષ્ટિ મુક્ત છે ત્યાં સુખદુઃખના સંયોગથી તો મુક્ત છે જ. સંયોગનું અસ્તિત્વ મારી હયાતીમાં નથી. એમ પોતાની સત્તાને સર્વથી જુદી અનુભવતાં જ્ઞાની રાગ અને દ્વેષને પણ સ્પર્શતા નથી કેમ કે ચૈતન્યની સત્તામાં રાગ–દ્વેષનો સ્વીકાર તેને આવતો નથી. માથું કાપનાર દુશ્મન ઉપર પણ તેને દ્વેષબુદ્ધિ થતી નથી અને ચંદન ચોપડનાર મિત્ર ઉપર તેને રાગબુદ્ધિ થતી નથી કેમ કે એ બંને ક્રિયા દેહમાં થાય છે; દેહ જ્યાં મારો નથી ત્યાં તેને રાખનાર કે કાપનાર ઉપર રાગ–દ્વેષ કેવો !

અજ્ઞાનીએ ઉપવાસ કર્યો હોય અન ભૂખ–તરસ લાગી હોય છતાં ખોરાક–પાણી તો ન લે પણ દુઃખ વેદે છે એ તેનો મિથ્યાત્વભાવ છે. ભૂખ–તરસનું દુઃખ મને થાય છે–મારામાં થાય છે એ માન્યતા જ વિપરીત છે.

है जिन्हके दिढ़ आतम ग्यान....જેમનું ભેદવિજ્ઞાન અત્યંત દૃઢ છે. રાગ અને પરનું જ્ઞાન નહિ પણ આતમજ્ઞાન દૃઢ છે એમ કહ્યું છે. આત્મજ્ઞાનની દૃઢતાવાળાને રાગ કે દ્વેષ આવે પણ તે તેના સ્વામી નથી અને તેના ફળની અભિલાષા રાખતાં નથી. આચાર્યદેવ કહે છે–આવા જીવો રાગના કર્તા છે અને રાગમાં તેને સુખબુદ્ધિ છે એમ અમે માનતા નથી. ભરત અને બાહુબલી ચરમશરીર છે, બે સગા ભાઈ છે પણ ભાઈ ઉપર ચક્ર ચલાવે છે તે કાળે પણ અંતરમાં એ ક્રિયા અને રાગથી ભેદજ્ઞાન વર્તે છે. ક્રિયા અને રાગમાં એકત્વ થતું નથી જાણનાર રહે છે. જ્ઞાની તો રાગને ઝેર જાણીને ઓકે છે, અંદરમાં સંગ્રહ કરતા નથી. હાથમાં કાળો નાગ પકડ્યો હોય તે છોડવા માટે પકડ્યો છે, રાખવા માટે નહિ. જલ્દી છોડવા માગે છે. તેમ ધર્મી સંયોગને અને રાગને ઝેર જાણીને જલ્દી છોડવા માંગે છે. આવા ધર્મી જીવોને ક્ષણે ક્ષણે કર્મની નિર્જરા થાય છે, તેને બંધન હોતું નથી. (ક્રમશઃ)

*

## વૈરાગ્ય સમાચાર :—

જેતપુરનિવાસી (હાલ સંબલપુર-ઓરિસ્સા) સ્વ. શ્રી શાંતિલાલ કાળીદાસ દેસાઈના સુપુત્ર શ્રી ભોગીલાલભાઈ (વર્ષ-૬૪) તા. ૫-૯-૨૦૦૦ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

મોરબીનિવાસી ગં. સ્વ. દૂધીબેન મગનલાલ મહેતા (વર્ષ-૮૭) તા. ૧૨-૧૦-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પાર્લા (મુંબઈ)નિવાસી, શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ પાર્લા–શાંતાક્રુઝના ટ્રસ્ટી અને ખજાનચી શ્રી ગિરીશભાઈ ચંદ્રકાંતભાઈ દોશી (વર્ષ-૫૮) તા. ૬-૧૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શાંતાક્રુઝ (મુંબઈ) નિવાસી શ્રી લીલાબેન ધીરજલાલ બોરડિયા (વર્ષ-૮૩) તા. ૧૬-૧૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને ઘણો જ લાભ લીધો હતો.

વઢવાણનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી પ્રવિણચંદ્ર કાંતિલાલ કામદાર (—તે સ્વ. શ્રી છોટાલાલ મોહનલાલ કામદારના ભત્રીજા) (વર્ષ-૫૩) તા. ૧૮-૧૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

*

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# હિસાબી-અહેવાલ

શ્રી કહાનગુરુભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)નો લાભ લેવા આપ સૌ અવારનવાર પધારો છો. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક આ સાથે તા. ૧-૪-૧૯૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૦નાં વર્ષનાં ઓડિટ થયેલ સરવૈયા, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ; જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી તથા આવક-ખર્ચની જાણકારી મળી શકશે; જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

૧. આ વર્ષ દરમ્યાન દર વર્ષના મહોત્સવો સારી રીતે ઊજવવામાં આવેલ છે અને અહીંનાં આપણાં ધર્માયતનોનું બરાબર જતન-સંભાળ રાખવામાં આવે છે.

૨. આ વર્ષ દરમ્યાન આપણાં ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલ પુસ્તકો, શાસ્ત્રો, સાહિત્યનું બરાબર જતન-સંભાળ રાખી શકાય, તે માટે એક વિશાળ 'ભગવાનશ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન સરસ્વતીમંદિર'નું નિર્માણ કરેલ છે; અને તેમાં સારા લોખંડનાં ઘોડાઓ બનાવી, તે ઉપર વ્યવસ્થિત પ્લાસ્ટિક-કવરોમાં પુસ્તકો બરાબર બાંધીને ગોઠવવામાં આવ્યાં છે. મોટો જથ્થો અહીં રાખવામાં આવે છે; અને જરૂર પડે તેમ છૂટક વેચાણ માટે ઓફિસમાં રાખવામાં આવે છે. આ વ્યવસ્થા જોઈ હરકોઈ પોતાની ખુશી વ્યક્ત કરે છે અને જિનવાણીની સારી સંભાળ થતી આ વ્યવસ્થાને વખાણે છે.

૩. ઓફિસનું કામ આ વરસ દરમ્યાન પૂરું થયેલ છે. ઓફિસ વ્યવસ્થિત બનાવવામાં આવી છે. આ ઓફિસ જોઈને હરકોઈ વ્યક્તિ પોતાની ખુશી વ્યક્ત કરે છે.

૪. આ વર્ષ દરમ્યાન પુસ્તકોનું પ્રકાશન સારી રીતે થઈ રહ્યું છે. શ્રી સમયસાર (હિન્દી), શ્રી નિયમસાર (ગુજરાતી) આગમોનું પ્રકાશન થયેલ છે. તેમ જ નાનાં મોટાં ઘણાં પુસ્તકોનું પ્રકાશન થયેલ છે. પૂરા જોશથી વધુને વધુ પુસ્તકોનું પ્રકાશન થાય તે માટે પ્રકાશનસમિતિ સારી મહેનત કરી રહી છે. થોડા વખતમાં દરેક મૂળ આગમ કે બીજાં કેટલાંક પુસ્તકો છપાઈને સ્ટોકમાં રહે, તેવી કાળજી લેવામાં આવી રહી છે.

૫. સ્થાયી-પુરસ્કર્તાની યોજના પ્રસિદ્ધ કરવામાં આવી છે. તેમાં મૂળ આગમો તથા કેટલાંક પુસ્તકો નોંધાઈ ગયા છે. વધુ પુસ્તકોની સ્કીમ આત્મધર્મમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. મુમુક્ષુ સમાજ તરફથી આ વિષે સારું પ્રોત્સાહન મળી રહ્યું છે.

૬. આપણા ટ્રસ્ટ અંતર્ગત કહાન-સૂર્ય દિ. જૈન ભોજનસમિતિ ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરી રહેલ છે. ભોજનાલયમાં નિઃશુલ્ક ભોજન-વ્યવસ્થા રાખેલ છે. આ ભોજન-વ્યવસ્થાના ખર્ચને પહોંચી વળવા માટે એક મોટા ફંડની આવશ્યકતા હતી, તે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના પ્રતાપે શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર તથા તેમના મિત્રો-સંબંધીઓ તરફથી તેની પૂર્તિ કરવામાં આવી છે. તેમના તરફથી આ ભોજનાલયના ધ્રુવ ફંડમાં રૂા. ૬૧,૦૦,૦૦૦=૦૦ જેવી માતબર રકમ આપવામાં આવી છે. તેનું જે વ્યાજ ઊપજે તે રકમનો ભોજનાલયમાં ઉપયોગ કરવામાં આવશે. આ રકમના વ્યાજથી ભોજનાલયના ખર્ચમાં સારી રાહત થઈ છે. આ દાન માટે શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, હા. શ્રી નેમીશભાઈ, કેતનભાઈ અને તેમના મિત્રો તથા સંબંધીઓનો ઘણો જ આભાર આ સંસ્થા માને છે.

૭. ભોજન-વ્યવસ્થા જેવી બીજી એક વ્યવસ્થા ઉતારા માટેની હતી તે અંગે એક અતિથિગૃહની યોજના જાહેર કરવામાં આવી અને આ યોજના જાહેર થતાં અત્યાર સુધીમાં ૫૦ રૂમો નોંધાઈ ગઈ છે. એક રૂમના ડોનેશનના રૂા. ૬૦,૦૦૦=૦૦ રાખેલ છે. આ નવનિર્મિત ભવનને 'શ્રીમતી કળાવતીબેન હસમુખભાઈ વોરા દિગંબર જૈન અતિથિગૃહ' નામ આપવામાં આવેલ છે. આ માટે શ્રી કળાવતીબેન હસમુખભાઈ વોરા-પરિવાર, મુંબઈ તરફથી સારી એવી રકમ જાહેર કરવામાં આવી છે. આ યોજનાનું કામ સારી રીતે ચાલી રહ્યું છે. ભોંયતળિયે તથા બીજા ત્રણ માળ સહિત ૮૦ રૂમોનો પ્લાન છે. અત્યારે પૂરજોશમાં બાંધકામ ચાલી રહ્યું છે. ત્રણ સ્લેબ ભરાઈ ગયા છે. આ રૂમનું ક્ષેત્રફળ ૧૫'×૧૫' જેમાં ૪'×૮'નો ટોયલેટ છે તથા પેસેજ થઈને ૩૭૦ ચો. ફૂટ થાય છે. તેથી આ એક રૂમનો અંદાજી ખર્ચ ફર્નિચર વિગેરે સાથે રૂા. ૧,૩૫,૦૦૦=૦૦ થવા સંભવ છે હજુ આ યોજનામાં જેઓએ રૂમો નોંધાવી છે તેમાં કેટલાકની રકમ બાકી છે. તે રકમ આવી જતાં કામ જલ્દી

પૂરું થઈ જશે. લગભગ નવેક મહિનામાં કામ પૂરું થતાં, ઉપયોગમાં લઈ શકાશે. આ યોજનાથી ઉતારાના પ્રશ્નમાં મહદ્અંશે રાહત થશે.

૮. ઓડિયો-કેસેટ ઉપરથી સી.ડી. કેસેટ તથા વિડિયો કેસેટ ઉપરથી વિડિયો સી.ડી. તૈયાર કરવાનું કામ ચાલુ છે. ઓડિયો કેસેટનાં કેટલાક સેટ તૈયાર થયેલ છે. હજુ વિડિયો સી.ડી.ના સેટ તૈયાર કરવાનું કામ ચાલુ છે.

૯. પૂજ્ય કૃપાળુ સદ્ગુરુદેવશ્રીના જીવન-ચરિત્રની એક વિડિયો ફિલ્મ તૈયાર કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે, અને આ અંગે એક જીવન-ચરિત્રની સારી રીતે સુંદર સ્ક્રીપ્ટ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. થોડા વખતમાં તૈયાર થવાની ધારણા છે. એ પછી તે અંગેની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. આપણા ટ્રસ્ટનાં ધર્માયતનોનાં મરામત-રંગરોગાન વગેરે કરાવવાની આવશ્યકતા છે. નંદીશ્વર-જિનાલય તથા પરમાગમ-મંદિરના બહારના ભાગો અને બારીઓ ઉપર કોતરણીવાળા પથ્થર, જે લૂણોથી ખવાઈ ગયા છે તે પણ નવા કરાવવાની જરૂર છે. દરેક મંદિરનું રંગરોગાન-મરામત કામ ઉપરાંત પ્રવચનમંડપ, ગેસ્ટહાઉસ વગેરે મકાનોમાં રંગરોગાન-મરામતની જરૂર છે. દરેક કામ ક્રમસર કરવામાં આવશે.

૧૧. હિસાબ જોતાં આપને સંસ્થાનો આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૩૧-૩-૨૦૦૦ના રોજ પૂરા થતા વર્ષમાં કુલ આવક રૂા. ૪૧,૩૮,૩૩૨=૦૦ થઈ હતી, જેમાંથી ખર્ચ રૂા. ૩૩,૨૩,૦૧૩=૦૦ થયેલ છે, અને રૂા. ૮,૧૫,૩૧૯=૦૦ વરસ આખરે વધારો રહેલ છે. તે પણ કેટલીક રકમ એડવાન્સ ડિપોઝીટ આવેલ છે. તેવી રકમ બાદ જતાં સાધારણ વધારો રહે છે.

૧૨. ટ્રસ્ટ પાસે વર્ષ આખરે ૧,૨૪,૯૧,૮૫૦ રોકાણ ખાતે રકમ રહે છે. તે સામે કાયમી ફંડોની રકમ રૂા. ૧,૦૯,૧૯,૧૧૬ તથા ચાલુ ફંડોની રકમ જોતાં જે રકમોનું રોકાણ હોવું જોઈએ તે પુરતું નથી. આ બાબત મુમુક્ષુ સમાજે વિચારવા જેવું છે. આપણાં ઘણા મુમુક્ષુમંડળો મોટી રકમનું ફંડ ધરાવે છે અને તેની આવક સામે ખર્ચ ઘણો ઓછો હોય છે. જેથી તેઓને વધારો દર વર્ષે થતો હોય છે, ત્યારે સોનગઢ તીર્થધામમાં આવક બરાબર ખર્ચ છે જેથી વધારો રહેતો નથી.

૧૩. આ વર્ષથી સંસ્થાને ભોજનાલય, પુસ્તક-પ્રકાશનમાં સારી એવી રકમ શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર તરફથી મળતી હોવાથી, આ બે વિભાગ

પૂરતી ઘણી રાહત મળેલ છે.

૧૪. હવે, ખાસ કરીને મંદિરો તથા અન્ય મકાનોમાં મરામત-રંગરોગાન, જીર્ણોદ્ધાર કરવાની આવશ્યકતા છે. તે માટે મોટી રકમની જરૂર છે. જેમ ભોજનવ્યવસ્થા સારી થવા પામી છે તેવી રીતે ઊતરવાની વ્યવસ્થા સારી થઈ જાય તે પણ જરૂરી છે. નૂતન અતિથિગૃહનું નિર્માણ થઈ રહેલ છે. તેમાં તેમ જ ગેસ્ટહાઉસ જે અત્યારે છે તેને પણ આધુનિક બનાવીને સુધારો કરવાની જરૂર છે. ઉપરોક્ત દરેક યોજના માટે મોટા ફંડની આવશ્યકતા છે. આમ તો પૂજ્ય ગુરુદેવશ્રીનાં તથા પૂજ્ય બહેનશ્રીનાં પ્રતાપે સોનગઢ તીર્થધામનું સંચાલન તથા વહીવટ સુરીતે ચાલી રહેલ છે. જેમ જેમ રકમ મળતી રહે તેમ તેમ પ્રગતિ થાય, તે રીતે કામ કરવાની અમારી ભાવના છે.

૧૫. શ્રી કહાન-સૂર્ય દિગંબર જૈન ભોજન સમિતિનો તા. ૧-૯-૧૯૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૦ સુધીનો વહીવટ રજુ કરેલ છે. આ ટ્રસ્ટના હિસાબો જે કોઈ જોવા ઇચ્છતા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સમય આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧૨-૨૦૦૦

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ**

ભગવાન નિજ જ્ઞાયક પ્રભુ જે સ્વતઃસિદ્ધ છે તે તો સુગમ જ હોય ને? તેને પ્રાપ્ત કરવામાં ફક્ત દૃષ્ટિનો પલટો થવો જોઈએ. જેને રાગની રુચિ છે તેને આખા સંસારની રુચિ છે. રાગનો કર્તા થયો તેણે 'આખી દુનિયાનો કર્તા છું'—એમ માન્યું. અહા! તે માન્યતા પરસંગનો આશ્રય કરવાથી થઈ છે. પરસંગનો આશ્રય છોડી પોતે પોતાના અસંગ સ્વરૂપે સ્વતંત્રપણે છૂટો રહી શકે છે. આત્મા અસંગ ચીજ છે તેનો સંગ કરવો; રાગાદિ તો પોતાની મૂળ ચીજમાં છે જ નહિ, માટે તેનો આશ્રય છોડવો. પોતાના અસંગ સ્વભાવને પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને?

*—પૂજ્ય ગુરુદેવશ્રી*

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ ટ્રસ્ટ નોંધણી નંબર A-902 ભાવનગર
### તા. ૩૧-૩-૨૦૦૦ના રોજ પૂરા થતા વર્ષનું સરવૈયું

| ૧૯૯૮-૧૯૯૯ | ફંડો તથા જવાબદારી | ૧૯૯૯-૨૦૦૦ | ૧૯૯૮-૧૯૯૯ | મિલ્કત-લ્હેણું | ૧૯૯૯-૨૦૦૦ |
|---|---|---|---|---|---|
| ૧૩૭૦૩૩૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૭૯૦૦૫૭૯ | સ્થાવર મિલ્કત | ૧૮૮૦૪૮૨૩ |
| ૧૨૪૬૫૯૦૦ | શ્રી મિલ્કત ફંડ | ૧૩૨૪૧૭૪૮ | ૩૯૧૩૦૬ | ડેડ સ્ટોક ફર્નીચર | ૩૯૨૮૭૬ |
| ૯૯૯૨૮૦૦ | શ્રી કાયમી ફંડો | ૧૦૯૧૯૧૧૬ | ૬૯૪૩૫૭ | જંગમ મિલ્કત | ૭૮૭૫૮૯ |
| ૨૯૦૫૮૯૫ | શ્રી ચાલુ ફંડો | ૨૫૧૦૬૭૯ | ૪૪૮૨૫૯૭ | પુસ્તક ખાતુ | ૩૪૯૯૯૨૨ |
| ૮૬૩૯૬૫ | શ્રી રૂમ બ્લોક ડીપોઝીટ | ૧૧૭૮૯૬૫ | | કાગળ-પુસ્તક-પ્રીન્ટીંગ | |
| ૬૯૬૮૮૮ | શ્રી અન્ય દેવા | ૭૪૧૫૭૬ | | અન્ય લહેણા | |
| ૮૧૩૨૫૨૬ | શ્રી ઉપજ ખર્ચ બાકી | ૮૯૪૭૮૪૫ | ૧૧૯૩૪૧૫ | જૈન અતિથિ સેવાસમિતિ | ૧૦૫૯૬૦૩ |
| | | | ૧૦૨૧૯૨૬ | અન્ય લહેણા | ૮૪૮૯૯૭ |
| | | | ૯૭૩૬૩૯૨ | ફીક્સ રોકાણો | ૧૨૪૯૧૮૫૦ |
| | | | ૮૧૦૨૮૪ | બેંક બેલેન્સ | ૬૮૧૯૭૭ |
| | | | ૯૬૫ | રોકડ | ૨૭૪ |
| | | | ૯૬૪૮૫ | એડવાન્સ ડીપોઝીટ | ૩૪૨૩૫૦ |
| ૩૬૩૨૮૩૦૬ | | ૩૮૯૧૦૨૬૧ | ૩૬૩૨૮૩૦૬ | | ૩૮૯૧૦૨૬૧ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ
### તા. ૩૧-૩-૨૦૦૦ના રોજ પૂરા થતા વર્ષના આવક-જાવક હિસાબ

| ૧૯૯૮-૧૯૯૯ | આવક | ૧૯૯૯-૨૦૦૦ | ૧૯૯૮-૧૯૯૯ | ખર્ચ | ૧૯૯૯-૨૦૦૦ |
|---|---|---|---|---|---|
| ૬૦૬૬ | શ્રી ભાડા ખાતે | ૫૫૦૭ | ૨૨૧૫૩૧ | શ્રી મિલ્કત મરામત | ૧૪૧૮૮૨ |
| ૩૭૫૮૩૪ | શ્રી વ્યાજ ખાતે | ૭૪૩૬૯૪ | ૫૬૯૪ | શ્રી વીમા પ્રીમીયમ | -- |
| ૮૯૦૯૯૫ | શ્રી ડીવીડન્ડ ખાતે | ૭૫૮૮૨૬ | ૪૯૩૭૧ | શ્રી વહીવટી ખર્ચ | ૫૫૦૬૧ |
| ૧૬૮૮ | શ્રી અન્ય વ્યાજ | ૮૧૩ | ૧૪૦૦૦ | ઓડિટ ખર્ચ | ૧૧૭૫૦ |
| ૯૨૨૦૪૦ | શ્રી દાન ખાતે | ૧૭૦૬૮૫૩ | ૩૦૪૦૧ | શ્રી ચેરીટી કમિશ્નર ફાળો | -- |
| ૩૧૦૦૩૧ | શ્રી ગુપ્ત ભંડાર | ૩૫૨૪૩૭ | ૧૧૮૦૦ | શ્રી કાનુની ખર્ચ | ૧૦૦૦૦ |
| ૨૨૯૦૦ | શ્રી અન્ય આવક | ૨૦૩૬૧ | ૮૩૩૨ | શ્રી અન્ય ખર્ચ | ૭૭૭ |
| ૨૫૨૯૫૫૪ | | | ૯૫૬૩ | શ્રી વ્યાજ | ૭૬૫૦ |
| ૫૦૦૬૬૦ | કાયમી ફંડો ખાતેથી ટ્રાન. | ૫૪૯૮૪૧ | ૭૭૦૭૩૨ | શ્રી રીઝર્વ ફંડમાંથી લાવ્યા | ૮૭૦૬૭૮ |
| | | | ૧૬૮૩૮૬૬ | શ્રી હેતુઓ અંગેનું ખર્ચ | ૨૨૨૫૨૧૫ |
| | | | ૨૨૪૯૨૪ | વર્ષ આખરે વધારો | ૮૧૫૩૧૯ |
| ૩૦૩૦૨૧૪ | | ૪૧૩૮૩૩૨ | ૩૦૩૦૨૧૪ | | ૪૧૩૮૩૩૨ |

તા. ૩૦-૯-૨૦૦૦

ઓડિટર્સ પી. જી. હેમાણી કું.

તા. ૧-૪-૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૦ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| શ્રી કાયમી ફંડોમાં ઉમેરો | ૧૦૩૯૮૯૨ | ધ્રુવફંડ ખાતે આ રકમ છે. |
| શ્રી ચાલુ ફંડોમાં ઉમેરો | ૫૮૫૧૧૦ | આ રકમ જે ખાતામાં આવેલી હોય તે વાપરવા માટે. |
| | ૧૬૨૫૦૦૨ | |
| દાનની આવક-ભંડાર વિ. | ૪૧૩૮૩૩૨ | આ રકમ ખર્ચ માટે વાપરવાની હોઈને તે મુજબ ખર્ચ કરેલ છે. |
| | ૫૭૬૩૩૩૪ | |

### શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ સંચાલિત
## શ્રી કહાન સૂર્ય દિગંબર જૈન ભોજન સમિતિ સોનગઢ
### તા. ૩૧-૩-૨૦૦૦ના રોજ પૂરા થતા વર્ષનું સરવૈયું

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી સ્વામી વાત્સલ્ય ખુશાલી ફંડ | ૩૪૪૧૨૦ | શ્રી કોઠાર અનાજ | ૩૫૩૧૮૫ | |
| શ્રી દિગંબર જૈન સ્વા. મંદિર | ૩૫૮૧૫ | શ્રી માલ સ્ટોક | ૩૮૧૧૫ | |
| અન્ય જવાબદારી | ૪૦૬૨૦ | | | ૩૯૧૩૦૦ |
| શ્રી ઉપજ ખર્ચ ખાતુ | ૧૪૯૪૦૧ | બેંક બેલેન્સ તથા પુરાંત | | |
| | | બેંક ઓફ ઇન્ડિયા FD. | ૧૫૦૦૦૦ | |
| | | બેંક ઓફ ઇન્ડિયા સેવીંગ્ઝ | ૧૫૩૮૫ | |
| | | પુરાંત | ૧૩૨૭૧ | |
| | | | | ૧૭૮૬૫૬ |
| | ૫૬૯૯૫૬ | | | ૫૬૯૯૫૬ |

### તા. ૩૧-૩-૨૦૦૦ના પૂરા થતાં વર્ષનું આવક-જાવક ખાતુ

| | | | |
|---|---|---|---|
| શ્રી કાયમી જમણના ખર્ચના તથા અન્ય જમણ ખર્ચના સ્વા. મંદિર પાસેથી | ૪૮૯૦૩૯ | શ્રી રસોડા અંગેના ખર્ચ દૂધ, શાકભાજી, અનાજ, ઓકટ્રાય, બળતણ, પોસ્ટેજ, પગાર, ટેલીફોન, ઇલેકટ્રીક બીલ-રીપેરીંગ વગેરે | ૧૧૫૦૩૮૧ |
| શ્રી વ્યાજ ફોટા ફંડના તથા કાયમી ભોજન તિથિ ફંડના સ્વાધ્યાયમંદિર પાસેથી | ૧૧૦૯૭૮ | | |
| શ્રી ભોજન ફંડ ખાતે આવક છૂટક આવકના | ૫૮૩૯૭૦ | | |
| શ્રી સાધારણ (ભાડાના) ગેસ્ટ હાઉસના ભાડાના | ૧૧૫૩૨૫ | | |
| શ્રી કસર વટાવ | ૧૫૩ | શ્રી ખર્ચ કરતા આવકનો વધારો સરવૈયામાં ઉપજ ખર્ચ ખાતે જમા | ૧૪૯૪૦૧ |
| શ્રી બેંક વ્યાજ | ૩૧૭ | | |
| | ૧૨૯૯૭૮૨ | | ૧૨૯૯૭૮૨ |

જેમ આંખ પરમાં કરવા-વેદવાની કોઈપણ ક્રિયા કરતું નથી, માત્ર પરમાં જે કોઈ ક્રિયા થાય છે તેને જાણે છે; તેમ જ્ઞાન પણ પર ચીજનું કાંઈ કરતું નથી કે ભોગવતું નથી, જ્ઞાતા-દૃષ્ટાપણે જગતને જ્ઞેયપણે જાણે જ છે. જડને કારણે જડની અવસ્થા થાય છે અને તે અવસ્થાનું વેદન જડમાં થાય છે, આત્મા જડની તે અવસ્થાને કરતો નથી કે જડની તે અવસ્થાને ભોગવતો નથી.

—*પૂજ્ય ગુરુદેવશ્રી*

શિલાન્યાસ–નિમંત્રણપત્રિકા–લેખનસમારોહ

## મંગલાયતન-શિલાન્યાસ

પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારથી પ્રભાવિત 'શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિગંબર જૈન ટ્રસ્ટ, અલીગઢ (ઉ. પ્ર.)' દ્વારા નિર્માણાધીન 'મંગલાયતન' અભિધાન વિશાલ સંકુલ અંતર્ગત (૧) શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર, (૨) શ્રી મહાવીરસ્વામી દિ. જિનમંદિર, (૩) શ્રી બાહુબલી જિન-મંદિર, (૪) શ્રી આદિનાથ દિગંબર જૈન માનસ્તંભ—આ ચાર શુદ્ધામ્નાયી દિગંબર જિનાયતનોનો મંગલ શિલાન્યાસ-મહોત્સવ ઉક્ત ટ્રસ્ટ દ્વારા વીર નિ. સં. ૨૫૨૭, વિ. સં. ૨૦૫૭, પોષ સુદ ૨, બુધવાર, તા. ૨૭-૧૨-૨૦૦૦ના શુભ દિવસે પ્રાતઃ ભવ્ય સમારોહપૂર્વક ઉજવવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

'મંગલાયતન' શિલાન્યાસ-મહોત્સવ માટે આવનારા મુમુક્ષુ ભાઈ-બહેનોને અનુરોધ છે કે તેઓ પોતાના આગમનની પૂર્વ સૂચના અતિ શીઘ્ર મોકલે જેથી ઉતારાની ઉચિત વ્યવસ્થા કરી શકાય.

શિલાન્યાસવિધિમાં ઉપયુક્ત મંગલ કલશ, ઈંટો તેમજ તામ્ર-પ્રશસ્તિપત્ર પર આપણા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતલાલભાઈ શાહના શુભ હસ્તે સ્વસ્તિક-અંકનવિધિ તેમજ નિમંત્રણપત્રિકાની લેખનવિધિ માટે માનનીય પંડિત શ્રી કૈલાશચંદજી, પવન જૈન, શ્રીમતી આશાબેન જૈન, મુકેશ જૈન ઈત્યાદિ દસ-બાર મહાનુભાવો અલીગઢથી સોનગઢ આવેલા. આ સમારોહ તા. ૨૯-૧૧-૨૦૦૦ના શુભ દિવસે અતિ આનન્દોલ્લાસ સહ ઉજવાયો હતો.

સમ્પર્ક સૂત્ર : **શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિગંબર જૈન ટ્રસ્ટ, સોનગઢ**
દ્વારા–પવન જૈન, વિમલાંચલ, હરીનગર, અલીગઢ–202001
✆ : 810010–11; FAX–810019–22;
E-mail : Pavna@nde, vsnl, net, in; Pavnzadi@agr.dot, net, in

## શિવપુરી-સીમંધર જિનમંદિર-શિલાન્યાસ

ઉપરાંત, આ સમારોહના અવસરે શિવપુરી (મ.પ્ર.)માં કુંદકુંદ-કહાન દિગંબર જૈન મંદિર ટ્રસ્ટ, શિવપુરી દ્વારા નિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના (તા. ૩૦-૧૨-૨૦૦૦ના શુભ દિને આયોજિત) શિલાન્યાસવિધિની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ પણ અતિ આનન્દોત્સાહ સહ સંપન્ન થઈ હતી.

* * *

ખુશ ખબર ! આનન્દ-સમાચાર !

જિનેન્દ્રભક્તિનો અનન્ય અવસર !

## મુંબઈનગરીના બોરીવલી ઉપનગરમાં
## શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિરના ઉપલક્ષમાં

# શ્રી દિગંબર જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

આનન્દોલ્લાસ સહ જણાવવાનું કે જ્ઞાનવૈભવવિભૂષિત પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ સ્વાનુભવવિભૂષિત ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પુણ્ય પ્રભાવનાયોગમાં મુંબઈનગરીના બોરીવલી ઉપનગરમાં માતુશ્રી કસ્તૂરીબેન પોપટલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ (હસ્તે શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ) દ્વારા નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ની પંચકલ્યાણક-પૂર્વક પાવન પ્રતિષ્ઠા આગામી માઘ વદી પાંચમ, તા. ૧૨-૨-૨૦૦૧ સોમવારના રોજ આનન્દોત્સવ સહ સંપન્ન કરવાનું શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળે નિશ્ચિત કર્યું છે.

**પ્રતિષ્ઠા મહોત્સવ : માઘ સુદ ૧૨, સોમવાર તા. ૫-૨-૨૦૦૧**

**થી**

**માઘ વદી ૫, સોમવાર, તા. ૧૨-૨-૨૦૦૧**

બહારમાં શ્રી જિનેન્દ્રદેવની તેમજ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનારા આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાની સમ્યક્ જાતિસ્મરણઋદ્ધિથી શ્રી સીમંધરનાથના ભારતવર્ષમાં પદાર્પણ કરાવનારા પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશુદ્ધ ધર્મપ્રતાપથી સુસંપન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવાનું અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ સમાજને સાદર નિમંત્રણ છે.

(પ્રતિષ્ઠામહોત્સવની મહત્ત્વપૂર્ણ—ઈન્દ્રો, અહમિન્દ્રો તેમજ કુબેર ઈત્યાદિની—બોલી પ્રતિષ્ઠોત્સવના પહેલાં દિવસે (માઘ સુદ ૧૨, સોમવાર, તા. ૫-૨-૨૦૦૧ના રોજ) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તેમજ પંચપમેષ્ઠીમંડલ-વિધાનપૂજાના ઈન્દ્રોંની બોલી તા. ૪-૨-૨૦૦૧, રવિવારના રોજ બોલવામાં આવશે.)

નિમંત્રક—

**શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ,**

**અધ્યક્ષ—નવીનચંદ્ર પોપટલાલ શાહ**

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* જાણન...જાણન...ચૈતન્યના પ્રકાશનું પૂર....હું તો જ્ઞાયક છું—એમ પહેલાં ઉપલકભાવે તો નિર્ણય કર. પછી ઊંડાણથી નિર્ણય કર. વિકલ્પથી અંદર વિચારમાં એ લે કે દેહ તો માટી છે ને પુણ્ય–પાપના ભાવ તો વિકાર છે, હું તો જ્ઞાયક છું. પછી ઊંડાણથી એનો નિર્ણય કર. ગમે તેમ કરીને એ માર્ગે જા. શુભાશુભ ભાવથી ભિન્ન જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. જાણનનો જાણનપણે અભ્યાસ કર. જ્ઞાયકનો બીજી રીતે નહીં પણ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર—આ એક કરી લીધું તો બધું થઈ ગયું—બધું આવી ગયું. ૧૯૬.

* એકવાર ન્યાલભાઈએ (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં) કહ્યું છે કે વિવેકકો એકબાજુ રખો ને બીજી વખત કહ્યું છે કે વિવેક જોઈએ....પર્યાયને જુદી રાખવી જોઈએ, પર્યાય ઉપર જોર ન હોવું જોઈએ. એનો અર્થ એવો કે આવો રાગ હોવો જોઈએ ને આવો ન હોય....પણ રાગ જેવો થવો હશે તેવો થશે....સમ્યગ્દૃષ્ટિને સ્વચ્છંદી રાગ ન થાય, એને યોગ્ય એની લાયકાત પ્રમાણે થશે, પણ એનું જોર જોવું જોઈએ કે આ ખાણ છે; એ ખાણ ઉપર નજર રાખવી જોઈએ કે આ ખાણ છે, જોર ત્યાં હોવું જોઈએ, પર્યાયનો વિવેક હોય છે પણ જોર ખાણ ઉપર હોવું જોઈએ, પર્યાય ઉપર ન હોવું જોઈએ. ૧૯૭.

* સમયસારની ૧૪૨મી ગાથાની ટીકામાં આવેલા ૭૦મા કળશના ભાવાર્થમાં કહ્યું છે: આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. 'હું બદ્ધ છું' વગેરે વ્યવહારનયનો તો નિષેધ કરતા જ આવ્યા છીએ, પણ 'હું અબદ્ધ છું, શુદ્ધ છું, અખંડ છું' એવા જે નિશ્ચયનયના વિકલ્પ ઊઠે છે તેનો પણ અમે નિષેધ કરીએ છીએ; કેમ કે સ્વરૂપમાં પેસવા માટે તે વિકલ્પો કાર્યકારી થતા નથી. આવા વિકલ્પો સુધી આવ્યો પણ 'તેથી શું?' તેમાં તારા આત્માને શો લાભ થયો? જ્યારે અંદર સ્વરૂપમાં પ્રવેશ કરે છે, આનંદના નાથનો અનુભવ કરે છે, ત્યારે તે બધા વિકલ્પો છૂટી જાય છે. ૧૯૮.

*

## 卐 હું શુદ્ધ છું એમ સ્વીકાર ! 卐

અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને હવે પૂર્ણ છું, શુદ્ધ છું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર! જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ તું છો. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છો. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભૂલી જા! વ્રત-તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દૃષ્ટિ ત્રિકાળી ઉપર રાખ.

—*જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]